સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૦૨૭૧૨૨૭૨૫૧

ધૂણતું મહાત્મા મંદિર, ખૂદના પ્રચાર માટે!
ભરે અકારણ મિટીંગો, ખૂદના પ્રચાર માટે!
બેઠી લોખંડ પાયે પનોતી "વિભાજન સ્ટેચ્યુ" પર -
ઘર બાળીને અજવાળું, ખૂદના પ્રચાર માટે..

હાઈકુ

યૌન શૌષણ,
છવાયાં ચારેકોર-
યુગ પ્રભાવ?!
(નર્યો કલયુગ)

પાડે પ્રભાવ
રાજાનું આચરણ -
પ્રજા ઉપર..
(યથા રાજા તથા પ્રજા)

ચિંતન

અંતઃપુરાણાં વિહિત વ્યવસ્થઃ પદે અર્હં સ્ખલિતાનિ રક્ષન ।
જરાતુરઃ સંપ્રતિ દંડનીત્યા, સર્વં નૃપસ્યાનુ કરોમિ વૃતમ્ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના ત્રીજા પ્રકરણમાં 'રાજસેવક ધર્મ'નો આ શ્લોક છે :

'જેમ રાજા પોતાનું રાજ્ય શાસન વ્યવસ્થા ચલાવવા-ન્યાય-નીતિ અને દંડની જોગવાઇ રાખી પ્રજાને સતત સજાના ભયથી વ્યવસ્થિતિ-નિયમિત રાખે તેમ હું-અંતઃપુરના (રાજાનો શયનકક્ષમાં રહેલી રાણીઓ-દાસીઓ-નાજિર લોકો) બધા લોકો જે સ્વયં શિસ્ત અને નિયમબદ્ધ-વ્યવસ્થિત રહેવા, હું પણ હાથમાં 'દંડો' રાખીને જે રહું છું - ફરૂં છું- અને સ્વયં પણ પગલે પગલે થતી ભૂલથી સાવધ રહી બચવા પ્રયત્નશીલ રહું છું. આમને આમ નોકરી કરતાં કરતાં હું વૃદ્ધ થઇ ગયો તો પણ 'દંડો' રાખીને જ હજુ પણ અંતઃપુરની વ્યવસ્થામાં જ છું.'

આજના રાજાઓ પોતાના અંતઃપુરમાં અનેક રાણીઓ રાખતા નથી. (કાયદાની શરમને કારણે) પરંતુ ઠેરઠેર આશારામ-નારાયણના આશ્રમોની જેમ એમનાં અંતઃપુર વિકસેલાં હોય છે એમની રાણીઓને માગે તે પ્લોટ-ઉદ્યોગ-મોબાઇલની વ્યવસ્થા કરનાર પ્રધાનો જેવા અંતઃપુરના વ્યવસ્થાપકો પણ હોય છે જે પોતાના રાજા માટે ફોન ટેપીંગ-જાસૂસી-પીછા કરાવી. પોલીસ પાસેથી કામ લઇ લે છે હાથમાં બદલી કે સસ્પેંશનનો 'દંડો' પણ રાખે છે - આમ રાજાને પ્રિય થવા-રહેવા બધા જ પ્રકારનાં કામ કરતાં કરતાં પોતાનું સ્થાન સાચવવું પડે છે.

સુવિચાર

- જેનું ચઢાણ ઉતાવળુ હોય છે એનું ઉતરાણ ભયંકર હોય છે, જેનો આવેશ પ્રચંડ હોય છે એનું પતન જાલિમ હોય છે જેની જીભ કડવી હોય છે એની જીત બહુ ખતરનાક હોય છે — *- મુનિ ચાંતિપ્રિય*
- શત્રુઓને હણી નાખવામાં જે સફળ તે 'શત્રુઘ્ન' પણ જેના મનમાં કોઇના પ્રત્યે શત્રુતાનો ભાવ જે પેદા ન થાય તે 'અજાત શત્રુ' — *- ઉપનિષદ*
- માણસનો સાચા સ્વરૂપમાં ઓળખવા માટે તેને સત્તાસ્થાને બેસાડી જુવો — *- સાયરસ*
- સિંધુ (દરિયા) જેટલા સિદ્ધાંતો કરતા બિંદુ જેટલું આચરણ શ્રેષ્ઠ છે — *- પ્રેમ કથન*
- મિઠાઇમાં જે સ્થાન સાકરનું છે ફરસાણમાં જે સ્થાન નમકનું છે સંસારમાં જે સ્થાન સંપત્તિનું છે એ જ રીતે કુટુમ્બમાં તેજ સ્થાન સંવેદનશીલતાનું છે — *- આચાર્ય વર્ધમાન*
- દુઃખ ચાલે ક્યાં સુધી?? જ્ઞાનનો સંગાથ ન મળે ત્યાં સુધી, સ્વાર્થી સ્વભાવ રહે ક્યાં સુધી?? પરોપકારની ભાવના ના જાગે ત્યાં સુધી — *- માણદેવ*
- કુદરતના એક દાવ સામે તમારા હજારો દાવપેંચ નક્કામા છે — *- વલ્લભાચાર્ય*

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

આજે કેટલાંય દાંપત્ય મરવાને વાંકે જીવે છે ક્યાંક બાળકોને કારણે, ક્યાંક પુરૂષ-સ્ત્રીની સામાજિક લાચારીને કારણે ગમે-ન-ગમે ટકી જતાં હોય છે. દાંપત્યમાં ગાઢ-અમરપ્રેમ-ત્યારે જ શક્ય બને જ્યારે બંને એક માટે સંપૂર્ણ ત્યાગ-સમર્પણ-વિશ્વાસ હોય.

એક મધ્યમવર્ગીય સંયુક્ત પરિવારના ત્રીજા દિકરાએ ભાગીને 'પ્રેમલગ્ન' કર્યાં. બંને પક્ષોને સ્વીકાર્ય ન હતા છતાં સંયુક્ત પરિવાર હતો એટલે નાના પુત્રને સૌ એ આશ્રય આપ્યો.

... પણ આવક ઓછી હોવાથી જેઠાણીઓ-સાસુને ભારે લાગવા મંડ્યો. વાત વાતમાં બધાં સંભળામણી-ઉતારી પાડે એવા અપમાનજનક વચનો કહી પુત્રવધુને આઘાતો આપ્યા કરે પણ તેણી પાસે લાચારીથી સહન કરવા સિવાય છૂટકો જ ન હતો..

એક દિવસ તો ભાઇઓ સાથે પિતાએ પણ ઠપકો આપ્યો અને યુવાનનું લોહી ઊકળી ઉઠ્યું અને કહ્યું - બસ કરો, હું આ ક્ષણે જ આ ઘરમાંથી ચાલ્યો જાઉં છું અને માત્ર પહેરે કપડે પત્નીનો હાથ ઝાલી નીકળી ગયો.

વર્ષો વિત્યાં-યુવાન લાખોપતિ થયો-સાથે વ્યવસનો દુરાચાર પણ આવ્યાં-પતન થયું છતાં પત્નીનો પ્રેમ એવો જ રહ્યો. ત્યારે એણે પૂછ્યું મારા આટલા બધા દોષ છે છતાં તું ગુસ્સે કેમ નથી થતી? પત્ની કહ્યું, 'તમે સ્વમાન માટે પહેરે કપડે ઘર છોડ્યું હતું એ હું ભૂલી નથી.'

Email - sureshchandrabhatt18@gmail.com

ગુજરાતના લોક સાહિત્યને ધબકતું રાખતા, નવા સંશોધકોને દિશાદર્શન આપતા જયમલ્લ પરમારના લેખોનું સંપાદન

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

"લોક સાહિત્ય માત્ર રસદર્શન નથી. પ્રથમ તો એ જીવન દર્શન છે. લોક સાહિત્ય મનોવ્યાપારનું સાહિત્ય નથી. પણ મન સાથેના જીવનનું એક જીવન ભિન્ન સાહિત્ય છે. લોક સાહિત્ય લોકજીવનમાં છે. લોકજીવનનો જેટલો અનુભવ, એટલું લોકસાહિત્ય સમજાય. પુસ્તકોને સમજવમાં આપણને મદદ કરે. પશ્ચિમના પુસ્તકો વાંચીને તો આધારે આપણા લોકસાહિત્યની મુલવણી કરવી તેમાં નથી તર્ક કે નથી વિજ્ઞાન. લોક સાહિત્ય લોકજીવનનું વિજ્ઞાન છે. લોક સાહિત્યની જીવન દૃષ્ટિ એટલે લોકજીવનનાં વિજ્ઞાનનો માર્મિક અભ્યાસ" ઉપરોક્ત વાત જેમણે કરી છે તેવા લોક સાહિત્યના મર્મજ્ઞ વિદ્વાન જયમલ્લ પરમારના વિપુલ સાહિત્ય સર્જનમાંથી પસંદ કરેલા લેખોનું પુસ્તક 'લોકવિદ્યા - વિમર્શ' પ્રગટ થયું છે. તેની વાત આજે મારે તમને કરવી છે.

આ પુસ્તકમાં રહેલ જયમલ્લભાઇનાં સાહિત્યમાંથી પસાર થતી વેળાએ કેટલીક બાબતો ધ્યાનાકર્ષક લાગે છે. લોક સાહિત્યનું સંપાદન, સંરક્ષણ, સંશોધન અને વિવેચન કેવી શિસ્ત માગી લે છે. તથા એના અભ્યાસનું ક્ષેત્ર કેવું અને કેટલું વ્યાપક હોવું જોઇએ. એનું ઉદાહરણ જયમલ્લભાઇના વિપુલ સાહિત્ય પ્રદાનમાંથી મળે છે.

'લોકવિદ્યા - વિમર્શ' પુસ્તકમાં તેમના વિપુલ સાહિત્ય સર્જન પૈકી પસંદ કરેલા લેખો સમાવવામાં આવ્યાં છે. આ પુસ્તકને પાંચ વિભાગમાં વહેંચી, વિષયને અનુરૂપ લેખો ગોઠવવામાં આવ્યા છે. ફક્ત ઔદ્યોગિક ચર્ચા કરતા લેખો મૂકવાથી પુસ્તક ભારે બની જાય તે બાબતનું ધ્યાન રાખી સંપાદકે સિદ્ધાંત નિરૂપણની સાથે ઉદાહરણો અને સરળ લેખો સામેલ કરી આ પુસ્તકને વાંચનક્ષમ બનાવવાનો પ્રયાસ કર્યો છે. તેમ છતાં જયમલ્લભાઇનાં સમગ્ર સાહિત્યનું પ્રતિબિંબ તેમાં વાચક અનુભવી શકે તેવું સુંદર સંપાદન આ બન્યું છે.



પુસ્તકના પ્રથમ વિભાગમાં આપણને લોક સાહિત્યની તત્વચર્ચા મળે છે. જેમાં લોક સાહિત્યની વ્યવસ્થા સ્વરૂપ અને વિસ્તારની વિસ્તૃત ચર્ચા સાથે 'લોક' શબ્દ શું છે તે સમજાવવાનો પ્રયાસ થયો છે. તેની સાથે સાથે લોકવાણી, ભાષાનાં રૂપ અને લૌકિક સ્વરૂપની સમજ આપવામાં આવી છે.

બીજો વિભાગ - લોકકથા વારતાનો છે. જેમાં વાર્તા કથન કળા, વાર્તાકથન અને આપણી સંસ્કૃતિ, લોકવાર્તા, સિનેમા ને સંસ્કૃતિ, લોકકથા સંદર્ભે, લોકસાહિત્ય અને તેની રજૂઆત તેમજ લોકવાર્તામાં પાઠાંતર - રૂપાંતર અને ઐતિહાસિક લોકવારતાઓમાં વિસંગતતિઓ તથા લોકવાર્તા અને ઇતિહાસ અંગેના લેખો આપણને મળે છે.

ત્રીજો વિભાગ લોકગીતોનો છે. તેમાં સંપાદકે લોકગીતોનો ઉદ્ભવ, લક્ષણો અને પરિભાષા આપી લોકગીતોના સત્વ અને સૌંદર્યને ઉભાગર કરવાનો પ્રયાસ કર્યો છે. તરણેતરના મેળાનાં લોકગીતો તેમજ લોકગીતોમાં ઢાળ અને તાલનો મસ્ત - ગંભીર પ્રકાર મણિયારો વિષે મહત્ત્વપૂર્ણ લેખની સાથે લગ્ન ગીતોમાં વરકન્યાની પસંદગી જેવા વિષયનો પણ લેખ સમાવ્યો છે.

આ પુસ્તકમાં ચોથો વિભાગ લોકસંગીતનો છે. તેમાં લોકસંગીતના સ્વર અને તાલ, લોકસંગીત અને કાકુત્વર, સિનેમાનો શિકાર બનતું લોક સંગીત, ગુજરાતના લોકવાદ્યો તેમજ સંગીત એ રાજ્યાશ્રય જેવા લેખો મુકવામાં આવ્યા છે.

પુસ્તકનો પાંચમો અને છેલ્લો વિભાગ લોક સંસ્કૃતિની ઝાંખી કરાવે છે. તેમાં જાતિગત ભરત અને તેની વિશેષતાઓ, કલામય મોતીગુંથણ, લોકભાષામાં ઘોડો તેમજ જીવન અને નદીનું સખ્ય લેખો ખુબ માહિતીપ્રસદ છે.

સંપાદકે જયમલ્લભાઇના સ્વાનુભવ આધારિત વિવેચન, લોકો અને લોકજીવન સાથેનો તેમનો નાતો તેમની ૧૨ વર્ષની વયથી ૬૨ વર્ષના વિશાળ સમયપરના વિસ્તારને આવરી લેવાનો સુંદર પ્રયાસ કર્યો છે. જેમાં જયમલ્લભાઇનો લોકો સાથેનો સીધો તેમજ નિકલનો પરિચય, લોકસાહિત્યને સમજવામાં અને સમજાવવામાં કંઇ રીતે સહાયભૂત થયો છે. તેઓ લેખોને જોતાં જણાઇ આવે છે. કંઠસ્થ પરંપરાને સાહિત્યનું સંપાદન - સંશોધન ટેબલ ખુરશી પર બેસીને થઇ ન શકે. તે માટે લોકો વચ્ચે જવું પડે. સતત પરિભ્રમણ કરવું પડે અનેક લોકો સાથે પરિચય કેળવવો પડે. જયમલ્લભાઇએ તે કર્યું છે. કોઇની સાથે માહિતી દાતા પાસે તેમને જવું પડ્યું નથી. પણ તેઓ પોતે જ ગુજરાત અને બહારના અસંખ્ય માહિતીદાતાનાં સંપર્કમાં હોવાથી જ્યારે, જ્યાં જરૂર પડી ત્યારે જોઇતી માહિતી તેમણે મેળવી છે અને તેમાં પોતાની પાસે રહેલી વિગતોનું ઉમેરણ પણ કર્યું છે. વિષયને અનુરૂપ અને અનુકુળ પોતાના સ્વાનુભવમાંથી તેઓ લખાણમાં પ્રયોજે છે. ભારતનાં અન્ય પ્રોતો તથા પરિચયમાં લોકવિદ્યા અંગે જે અભ્યાસ થયા તેનાથી લેખક સુપેરે પરિચિત છે. પરંતુ ગુજરાતી લોકસાહિત્યના સંદર્ભમાં તે અભ્યાસને મૂકે છે. પશ્ચિમના માપદંડને આધારે આપણે લોકસાહિત્યને મૂલવવાની દિશાભૂલ તેમણે કરી નથી એ વાતની સંપાદકે ખાસ નોંધ લીધી છે.

આ લેખો વાંચતા જયમલ્લભાઇનો સ્વાનુભાવ, આધારિત પુસ્તકોના અભ્યાસથી મેળવેલો સ્વાધ્યાય તેમના લખાણોમાં દૃષ્ટિગોચર થાય છે. લોકસંગીત, લોકવાર્તા, લોકગીત, લોકનૃત્યો વિષયે તેમણે જે સૈદ્ધાંતિક લેખો લખ્યા છે એના સ્વરૂપ લક્ષણોની ચર્ચા કરવાની સાથે જ તે સ્વરૂપની સામગ્રીરૂપ ખરી કૃતિઓ તેમણે પોતાના પુસ્તકોમાં વાચકો માટે સુલભ કરી આપી છે. તેમાંથી સંપાદકે અહીં પણ આપણને ઘણું આપવાની જહેમત ઉઠાવી છે. એ રીતે તેમને ગુજરાતના સમૃદ્ધ લોકસાહિત્યના વારસાને સંપાદિત કર્યો છે. જેથી અભ્યાસીઓ માટે આ પુસ્તક બહુમૂલ્ય બન્યું છે.

'લોકવિદ્યા-વિમર્શ' પુસ્તકના સંપાદકે એ વાત ખાસ ધ્યાને લીધી છે કે લોક સાહિત્યમાં ઓતપ્રોત હોવા છતાં જયમલ્લ પરમાટે કદી તેમા રહેલા ચમત્કારો, અંધશ્રદ્ધા અને અતાર્કિક વાતોની પુષ્ટિ કરી નથી. તેમનો અભ્યાસ વૈજ્ઞાનિક ઢબે અને રાષ્ટ્ર નિર્માણના પાયા ઉપર આગળ વધ્યો છે. એ રીતે જયમલ્લ પરમાર અભ્યાસીઓ અને સંશોધકો માટે આદર્શ ઉદાહરણરૂપ બન્યા છે. જેથી 'લોકવિદ્યા-વિમર્શ' ના ચૂંટેલા લેખોનાં પ્રકાશન વેળાએ પોતાનો રાજીપો વ્યક્ત કરતાં પ્રકાશક સંસ્થા ગુજરાત સાહિત્ય અકાદમીના મહાપાત્ર હર્ષદ ત્રિવેદીએ પુસ્તકના સંપાદક ભરત કવિએ ઉઠાવેલ પરિશ્રમને બિરદાવતાં આ ગ્રંથ દ્વારા લોકસાહિત્યના અભ્યાસીઓ, સંશોધકો, વિવેચકો અને વિદ્યાર્થીઓ સમક્ષ એક નવું વિશ્વ ઉઘડશે તેવી આશા સાથે આનંદની લાગણી વ્યક્ત કરી છે. આવું સુંદર સંપાદન આપવા બદલ ભરત કવિ 'ઉર્મિલ'ને ખુબ ખુબ અભિનંદન!

લોકવિદ્યા - વિમર્શ (જયમલ્લ પરમારના ચૂંટેલા લેખો)
સંપાદક - ભરત કવિ 'ઉર્મિલ'
પ્રકાશક - ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર
પૃષ્ઠ- ૨૨૮, કિંમત - રૂા. ૧૨૫/-, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૩

બાળકોને નાની ઉંમરે મનોરંજન માટે આપવામાં આવતા ગેજેટ્સ તેમને નુકશાન પહોંચાડી શકે છે

હું રસ્તે રઝળતી વારતા

- અચના કમલેશ

આજના મા-બાપ પોતાના કામમાં એટલા વ્યસ્ત હોય છે કે બાળકને શાંત કરવા અને તેમને વ્યસ્ત કરવા મોબાઇલ અથવા ટેબ્લેટ હાથમાં પકડાવી દે છે. બાળકોને રમકડાંથી રમાડવા કે વાર્તા વાંચીને સંભળાવવી જેવી પ્રવૃત્તિઓ માટે તેઓ સમય ફાળવી નથી શકતા.

તાજેતરમાં અહેવાલ પ્રમાણે દર ત્રીજુ બાળક ચાલવાનું શીખતા પહેલાં મોબાઇલ ફોન અને ટેબ્લેટ કોમ્પ્યુટરનો ઉપયોગ કરતા શીખે છે. ૨૯ ટકા બાળકો ખૂબ જ નાની ઉંમરે તેનો ઉપયોગ કરવાનું શરૂ કરી દે છે અને તેમાંનાં ૭૦ ટકા બાળકો પ્રાથમિક શાળામાં દાખલ થાય તે પહેલાં ગેજેટ્સ પર સંપૂર્ણ પ્રભુત્વ ધરાવે છે. અહેવાલ મુજબ તે બાળકો નવ વર્ષના થાય ત્યાં સુધીમાં ૧૧૬ મેસેજ અને ૮૫ ઇ-મેઇલ કરી ચૂક્યા હોય છે. ટેકનોલોજીનો ઉપયોગ કરવાથી બાળકોને ફાયદો થાય છે તેવું માનવા છતાં ૫૭ ટકા માબાપ તેમના બાળકોની સુરક્ષાને લઇને ચિંતિત હતા.

અમેરિકાનું "કોમન સેન્સ મીડિયા" જૂથ બાળકો અને પરિવારની ઉત્તમ જીવનશૈલી માટે કામ કરે છે. તેમના સર્વે પ્રમાણે બે વર્ષની અંદરના ૩૮ ટકા બાળકો ગેજેટ્સનો ઉપયોગ કરે છે. તેમાં આઇફોન જેવા ગેજેટ્સનો ગેમ રમવા માટે અથવા ફિલ્મ જોવા માટે ઉપયોગ કરે છે. ૨૦૧૧માં આ જ વિષય પર થયેલા અભ્યાસનું પરિણામ ૧૦ ટકા હતું. જે હાલમાં ત્રણ ગણું વધી ગયું છે.

સંશોધકો કહે છે કે, બાળકો જે રીતે મીડિયાને ગ્રહણ કરતા હતા તેનો માર્ગ બદલાઇ ગયો છે. દરેક માતા-પિતા માટે આ એક ચેતવણી હોવી જોઇએ. તેમના બાળકોને આટલી નાની ઉંમરે મનોરંજન માટે આપવામાં આવતા ગેજેટ્સ તેમને નુકશાન પહોંચાડી શકે છે.

અમેરિકન એકેડમી ઓફ પિડિયાટ્રિક્સની સલાહ એવી છે કે બે વર્ષની અંદરના બાળકોને કોઇ પણ સ્ક્રીનવાળુ ગેજેટ્સ આપવું જ ન જોઇએ. કોમન સેન્સ મીડિયાના ડાયરેક્ટર જિમ સ્ટેયેર કહે છે કે, જે બાળકને બોલતા નથી આવડતું તે બાળકો ટીવી સુધી ચાલીને તેની સ્ક્રીનને આઇફોન અથવા આઇપેડની સ્ક્રીનની જેમ બદલવાની કોશિષ કરે છે.

સર્વેના પરિણામો પ્રમાણે જે ઝડપે ગેજેટ્સ આપણા જીવનનું મહત્ત્વનું અંગ બની ગયા છે તેવી જ રીતે આમાં થયેલા અભ્યાસની સરખામણીમાં બાળકો માટે પણ ગેજેટ્સ મહત્ત્વનું અંગ બની ગયા છે. પહેલાના અભ્યાસમાં આઠ વર્ષની અંદરના ૩૮ ટકા બાળકો ફોન અથવા આઇપેડનો ઉપયોગ કરતાં હતા. તે જ આંકડાકીય માહિતી હાલમાં બે વર્ષની અંદરના બાળકોને લાગુ પડે છે.

૨૦૧૧માં થયેલા અભ્યાસમાં આઠ વર્ષની અંદરના બાળકો દિવસ દરમિયાન માત્ર પાંચ જ મિનિટ આઇફોન અથવા ટેબ્લેટ પર પસાર કરતાં હતા. પરંતુ ગત વર્ષના અભ્યાસ પ્રમાણે બાળકો આ ગેજેટ્સ પર આશરે ૧૫ મિનિટ જેટલો સમય પસાર કરતા થઇ ગયા છે.

૨૦૧૧માં પ્રકાશિત થયેલા અહેવાલ અને ગત વર્ષે જૂ થયેલા અહેવાલના લેખક વિકી રાઇડ આઉટ કહે છે કે, "હું અહેવાલમાં થયેલા ઝડપી બદલાવ જોઇને ચોંકી ગયો હતો. આઇફોન અને ટેબ્લેટ રમત બદલનારા ગેજેટ્સ હતા કારણ કે તે ઉપયોગમાં ખૂબ જ સરળ છે. કેટલાંક એવા રસ્તા પર હતા કે કેટલી ઉંમરે બાળક કોમ્પ્યુટર અને વીડિયો ગેમ રી શકે, ફોટોને સ્પર્શ કરી શકે, એપ ખોલી શકે અને સ્ક્રીન બદલી શકે."

અન્ય તારણોની સાથે એવું પણ તારણ હતું કે, હવે બાળકો સામાન્ય રીતે દિવસમાં એક કલાક સ્ક્રીન સાથે પસાર કરે છે. તેમાં ટીવી જોવાથી માંડી કોમ્પ્યુટરનો ઉપયોગ અને ફિલ્મ જોવાનો સમાવેશ થાય છે. બેથી ચાર વર્ષની ઉંમરના બાળકો આશરે દિવસના બે કલાક અને પાંચથી આઠ વર્ષની ઉંમરના બાળકો આશરે બે કલાક વીસ મિનિટ જેટલો સમય ગેજેટ્સ પર પસાર કરે છે.

બાળકો પર ક્યાં મીડિયાનો પ્રભાવ વધુ હોય છે. તે અભ્યાસમાં હજુ પણ ટીવીનું જોવાનું પસંદ કરે છે. આઠ વર્ષની અંદરની ઉંમરના બાળકો. સૌ ટકા ટીવી અને કેબલ ધરાવે છે. ૩૦ ટકા બાળકો પાસે ઇન્ટરનેટ સાથે ટીવી છે એટલે કે તેઓ જે ઇચ્છે તે ફિલ્મ ઓર્ડર કરીને જોઇ શકાય તેવી સુવિધા હાલ ખૂબ પ્રચલિત છે. તેનાથી આપણે સૌ વાકેફ છીએ.

... તો ઈશ્વરીય શક્તિ અવશ્ય સહાય કરશે

ચિંતનની વિસ્તરતી ક્ષિતિજે...

- હર્ષદ પ્ર. શાહ

શ્રેષ્ઠ લક્ષ્ય જો નજર સામે હોય...
લક્ષ્યપ્રાપ્તિની દિશા જો સુનિશ્ચિત હોય...
અને નિશ્ચિત દિશામાં મક્કમ ડગલું ભરવાની જો હામ હોય...
... તો ઇશ્વરીય શક્તિ અવશ્ય સહાય કરશે.
લક્ષ્યવિહીન જીવન કોઇ જીવન નથી.
લક્ષ્યવિહીન મનુષ્ય પશુ સમાન છે.
જેમણે મહાન લક્ષ્યોની ધારણા કરી, તે મહાન બન્યા.

ભારતની મહાન સંસ્કૃતિની ધજા વિશ્વગગનમાં લહેરાવવાનું મહાન લક્ષ્ય સ્વામી વિવેકાનંદની આંખમાં હતું અને તે વિશ્વમાનવ બન્યા. ભારતની મહાન સંસ્કૃતિ અન ધર્મના સંરક્ષણનું અપ્રતિમ લક્ષ્ય સેવ્યું હતું ગુરૂ ગોવિંદસિંહે અને તે લાખોનાં માર્ગદર્શક બન્યા. હિન્દુત્વની પુનઃપ્રતિષ્ઠા કરવાનું વ્રત ધારણ કર્યું હતું શિવાજીએ અને કરોડો હિન્દુઓની આંખનો તે તારો બન્યા.

ભારતનાં સામાજિક અને રાજકીય મૂલ્યોની પ્રતિષ્ઠાનું ઉદાત્ત લક્ષ્ય હતું શ્રી રામચંદ્રજીના જીવનમાં અને જીવન ખુદ ધન્ય બની ગયું છે. ધર્મની સંસ્થાપના કરી એને વ્યાખ્યાયિત કરવાનું જીવનકાર્ય શ્રીકૃષ્ણે કર્યું અને ઘેર ઘેર પૂજાયા.

સ્વાતંત્ર્યની આકાંક્ષાનો પાયો સંગઠનની ધારણા છે એવું સમજાવી અસંગઠિત હિંદુ સમાજને સંગઠિત કરવાનું ધ્રુવધ્યેય જેમણે ધાર્યું એવા ડો. કેશવ બલિરામ હેડગેવાર યુગપુરૂષ બન્યા. સ્વતંત્રતાના સાધક અને હિન્દુત્વના ઉપાસક વીર સાવરકર સમર્પણનું પ્રતીક બની ગયા.

ફાંસીના માંચડે લટકી જવાના આગલા દિવસે રામપ્રસાદ બિસ્મિલની આંખોમાંથી સરી પડેલાં અશ્રુબિંદુઓમાં ભારતમાતાની સ્વતંત્રતાનું સ્વપ્ન પ્રતિબિંબિત થયું હતું અને શહાદત અમર બની ગઇ. ભારતથી દૂર રહીને પચાસ પચાસ હજાર લોકોને 'આઝાદ હિંદ ફોજ'માં ભરતી કરીને માતૃભૂમિના સ્વાતંત્ર્ય માટે મરી ફીટવાનું પ્રેરણાપીયૂષ પાનારા સુભાષચંદ્ર બોઝ જન-જનનાં હૃદયમાં અમર ગાથાના રૂપે અંકિત બની ગયા છે.

આ છે લક્ષ્યની તાકાત.

ઉદાત્ત લક્ષ્ય પોતે મનુષ્યને લક્ષ્યપૂર્તિ કરવાની તાકાત પૂરી પાડે છે. એક અંગ્રેજ ચિંતકે કહ્યું છે - A goal to be the is more important than a goal to be the biggest. અહીં લક્ષ્યની ગુણવત્તા પર ભાર મુકાયો છે. દુનિયાના સર્વાધિક ધનાઢ્ય વ્યક્તિ બની જવાના લક્ષ્ય કરતાં દુનિયાના સુખ માટે સર્વસ્વ લૂંટાવી દેનાર વ્યક્તિનું લક્ષ્ય શ્રેષ્ઠ છે.

બીજું એક નાનકડું વાક્ય જુઓ - Goals Create Strength... લક્ષ્ય શક્તિ પેદા કરે છે... પરંતુ આ કથનની સત્યતાનો અનુભવ કોણ કરી શકે? ... જવાબ સહેલો છે - શ્રેષ્ઠ લક્ષ્યોની ધારણા કરે તે.

મધ્યપ્રદેશમાં જશપુર ખાતે 'વનવાસી કલ્યાણ આશ્રમ' નામની સંસ્થા કામ કરી રહી છે. વનવાસીઓ અને ગિરિવાસીઓની સ્નેહપૂર્વક સેવા કરવાનું કામ તેના દ્વારા થઇ રહ્યું છે. ત્યાં એક વિદ્યાલય અને એક દવાખાનું પણ ચાલી રહ્યાં છે.

થોડાં વર્ષ પહેલાંની વાત છે. દવાખાનાને સરકારી સહાયતા મળતી નથી. નાગરિકોના દાન પર જ તે નિર્ભર છે.

એક દિવસ દવાખાનાના ડોકટરે પ્રબંધકોને કહ્યું, "દવાખાનામાં માત્ર એક અઠવાડિયું ચાલે એટલી દવા છે. તાત્કાલિક ધનની વ્યવસ્થા કરો... નહીંતર દવાઓ ખલાસ થતાં દવાખાનું બંધ કરવું પડશે."

પ્રબંધકોને ચિંતા પેઠી. તેમની એક - બે દિવસ ક્યાંકથી ધન આવવાની પ્રતીક્ષા કરી. પરંતુ ક્યાંકથી ધન ન આવ્યું. ત્યારે બધા પ્રબંધકોએ નિશ્ચય કર્યો કે આજે તેઓ ભોજન નહીં કરે અને દિવસભર ભગવાનની પ્રાર્થના કરશે કે દવાખાનું બંધ થતું બચાવે... કંઇક સહાય કરે.

આ કંઇ વાંઝણી પ્રાર્થના ન હતી. શ્રેષ્ઠ લક્ષ્ય માટે શુભ સંકલ્પ હતો. ભોજન ત્યાગનો પુરૂષાર્થ પણ હતો.

થોડીવારમાં ત્યાં ટપાલી આવ્યો. તેણે એક રજિસ્ટર્ડ કાગળ આપ્યો. પ્રબંધકોએ તે કવર ખોલ્યું તો એમાં પાંચ હજાર રૂપિયાનો એક ચેક પણ સદ્‌ગૃહસ્થે મોકલ્યો હતો.

પ્રબંધકોના ચહેરા ખીલી ઉઠ્યા. આંખોમાં હર્ષાશ્રુ આવ્યાં. તેમણે પરમેશ્વરને ધન્યવાદ આપ્યા. સાથોસાથ એ દાની સજ્જનને પણ ધન્યવાદનો એક પત્ર મોકલ્યો જેમાં લખ્યું કે તેમની સહાયતા અણીના સમયે પ્રાપ્ત થઇ હતી. જો તેમ ન થયું હોત તો દવાખાનું બંદ કરવું પડ્યું હોત!

લક્ષ્ય માટે ચાલવું... નિરંતર ચાલતા રહેવું,
લક્ષ્ય માટેનું ચિંતન... નિઃસ્વાર્થ ચિંતન,
લક્ષ્યપ્રાપ્તિ માટેનો શુભ સંકલ્પ... દૃઢ સંકલ્પ.

આટલું જો હોય તો ઇશ્વરીય શક્તિ અવશ્ય સહાય કરે. આ કંઇ ચમત્કાર નથી. આ અંતર્મનનું વિજ્ઞાન છે. લક્ષ્ય ધારણ કરનારનમાં મનમાં જે સંકલ્પના તીવ્ર તરંગો, વિચારવર્તુળો ઉત્પન્ન થાય તે અદૃશ્ય રીતે વાતાવરણમાં પ્રવાહિત થઇને અનેક વ્યક્તિઓનાં અંતર્મનને સ્પર્શે... પ્રેરણા આપે. આ પ્રેરણા એમને કંઇક કરવા પ્રેરે અને જેમણે લક્ષ્ય ધારણ કર્યું છે તેમને સહાય કરે... પૂરક બને.

(અનુસંધાન પાના નં. ૬ પર)